**ફોજદારી કેસ નં.૪૦૨૬/૧૦.**

**આંક–૧ લગત હુકમ**

૧. આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ના નિર્દેશો અનુસાર યોજેલ આજરોજની નેશનલ લોકઅદાલતમાં સ્પેશીયલ સીટીંગનું પણ આયોજન કરેલ છે જેમાં ન્યાયીક સતા નો ઉપયોગ થઈ શકે છે અને ન્યાયીક હુકમ પસાર કરી શકાય છે. જે સ્પેશીયલ સીટીંગમાં હાલનો કેસ રાખવામાં આવેલ છે.

૨. રેકર્ડ ધ્યાને લીધુ, ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ મુળ રીતે સને– ૨૦૦૮માં આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે જેને સમયાંતરે નવો નંબર પડેલ છે અને ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી વિરુધ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ– ૧૩૮ અન્વયેના પ્રોસેસ કાઢવા હુકમ કરવામા આવેલ છે, ત્યારબાદ આરોપી હાજર થતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને સદર કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબ્બકે પેન્ડીંગ પડી રહેલ છે આ કામે ફરીયાદી તરફે ફરીયાદી જાતે કે વકીલશ્રી હાજર રહેતાં નથી ફરીયાદીને હાજર રહી પુરાવો રજુ કરવા તથા ઉલટતપાસ માટે હાજર રહેવા અવાર નવાર તકો આપેલ છે તેમ છતાં ફરીયાદી હાજર રહેલ નથી કે તેમના વકીલશ્રી પણ હાજર રહેતાં નથી. ફરીયાદીને એક કરતા વધારે વખત નોટીસ કાઢવામાં આવેલ છે. તે નોટીસની બજવણી થયા બાદ ફરીયાદીએ હાજર રહી આ કામ આગળ ચલાવવા પ્રયત્ન કરેલ હોય તેવુ જણાયેલ નથી. આમ, રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદીને સતત ગેરહાજરીના કારણોસર કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી અને સદર કેસ ઘણો જ જુનો કેસ છે આ સંજોગોમા ફરીયાદીને કેસની કાર્યવાહી આગળ ચલાવવામા કોઈ જ રસ ન હોવાનુ ફલીત થાય છે. આમ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી કેસની કાર્યવાહી ચલાવવા હાજર રહેલ નથી અને ફરીયાદીની સતત ગેરહાજરી તથા બેદરકારી જણાઈ આવે છે અને સદર કેસ સતર વર્ષ ઉપરાંત થી બીનઅસરકારક રીતે પડી રહેલ છે અને ફરીયાદપક્ષે કોઈ જ અસરકારક પગલા ભરેલ નથી અને વધુ સમય હાલની ફરીયાદ પડતર રાખી શકાય નહી.

૩. આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી

બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ મી, માહે મે સને ૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(વી.ડી.પટેલ)**
એડી.ચીફમેટ્રોપોલીટનમેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ.કોર્ટનં.૩૭,અમદાવાદ,
સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ
GJ 01148

તા.૧૩/૦૫/૨૦૨૩
અમદાવાદ.